**મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઈડર**

**ફોજદારી કેસ નંબર :૨૮૪૭/૨૦૨૫**
**આંક :**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : કાંતીજી પોપટજી ઠાકોર
રહે. ગોલવાડા, તા. ઈડર, જિ. સાબરકાંઠા

ગુન્હો : ધી બોમ્બે પ્રોહીબીશન એકટ ૬૬(૧)બી મુજબ

## : ઠરાવ :

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી,૮૫(૧) મુજબની શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામા આવેલ છે. આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)(બી),૮૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે એવું સ્પષ્ટ થાય છે. આ કામે આરોપીએ પ્રોહી એકટની કલમ–૮૫(૧)ના ગુન્હામાં ડીસ્ચાર્જ કરવાની અરજી ઉપર અત્રેની કોર્ટે હુકમ કરીને સદર અરજી મંજુર કરેલ છે. અને આરોપીને પ્રોહીબીશનની એકટની કલમ ૮૫(૧) ના ગુનહામા ડીસચાર્જ કરેલ છે.

આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, પોલીસ તપાસનાં કાગળો મળ્યા અં ગેની ખાતરી કરી આરોપીનો જવાબ લેતા, આરોપીએ તેની સામેના પ્રોહીબીશન એકટની

કલમ–૬૬(૧)બી મુજબનો આક્ષેપિત ગુનાને કબુલ કરેલ છે. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી, તેવુ આરોપીને જણાવેલ અને ગુનો કબુલ કરતી વખતે ઓછામાં ઓછી કાયદાએ નિયત કરેલી સજા થઈ શકે તેવી આરોપીને સમજ આપેલી છે. તેમ છતા પણ આરોપી સ્વૈચ્છિક ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલી છે.

આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧)(બી) મુજબનાં ગુનાનુ તહોમત છે સદર કામના આરોપીનુ તહોમતનામું રેકર્ડ કરી આરોપીનું નિવેદન લેતા તેઓએ  ગુનો કબુલ રાખેલ છે અને તે અંગે પોતાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે કબુલાત પુરસીસ વાંચી સંભળાવતા તેમા જણાવેલ હકીકત કબુલ રાખેલ છે. તેમજ આરોપીની  કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ઘ્યાને લેતા, આરોપી ગરીબ વર્ગનો માણસ જણાય છે. આરોપીએ વધુમા જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુનો છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગુના કર્યા અં ગેનો અફસોસ વ્યકત કરીને  ફરીથી આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને જેથી તેઓ ઉપર દયા કરવા જણાવેલ છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન– મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે સદર આરોપીની સદર કબુલાત સ્વૈચ્છિક કબુલાત જણાય આવતા તે પુરાવામાં  ગ્રાહય રાખવામાં આવે છે. નવા સુધારેલા કાયદા મુજબ પ્રોહીબીશનની કલમ ૬૬(૧)બી માં પ્રથમ ગુના માટે કોઈ મીનીમમ કેદની સજાની જોગવાઈ નથી. બીજા ગુના માટે ઓછામા ઓછી છ માસની કેદની સજા છે. જેથી આ કામે આરોપી સામે ૬૬(૧)બી નો આક્ષેપ હોય અને આરોપીનો પ્રથમ ગુન્હો છે અને તે ગુનો કબુલાતનો હોય, જેથી હાલ આરોપીને સુધરવાની તક મળી રહે તથા નામદાર ગુજરાત વડી અદાલતે ગુજરાત સરકાર વિરૂઘ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર,

૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે.

જેથી આરોપીની કબુલાત પુરસીસ અને કેસના સંજોગોને ધ્યાને રાખતાં નીચે મજુબનો હુકમ કરવામા આવે છે.

## <u>હુકમ</u>

આરોપીને બી.એન.એસ.એસ. કલમ– ૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રોહીબીશનની કલમ–૬૬(૧)બી માં કસુરવાર ઠરાવી **રૂા. ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન –૦૧ ની સાદી કેદની સજા કરવામા આવે છે.

આજ **તા. ૨૪મી, માહે – જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ હુકમ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૨૪–૦૭–૨૦૨૬**
મુ. ઈડર.

**(અરૂણ સોની)**
એડી. ચીફ જયુડી. મેજી., ઈડર.
(જજ કોડ નં.જી.જે.૦૧૪૨૨)

દંડ રૂ.........................

પાવતી નં...................

તારીખ :– ૨૪/૦૭/૨૦૨૬ થી જમા લીધા.

નાઝર